તા. ૧૪/૦૯/૨૦૧૯

## ફાયનાન્સ કમિટી બેઠકની કાર્યવાહીની નોંધ

આજ રોજ તા: ૧૪/૦૯/૨૦૧૯ના રોજ આઈ.આઈ.ટી.ઈ. ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ફાયનાન્સ કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચે મુજબનાં સભ્ય હાજર રહેલ.

| | |
|---|---|
| ૧) ડૉ. હર્ષદ પટેલ, કુલપતિશ્રી | અધ્યક્ષ |
| ૨) શ્રી યમલ વ્યાસ | સભ્ય |
| ૩) શ્રી જૈનીક વકીલ | સભ્ય |
| ૪) ડૉ. એમ. ડી. મકવાણા | ઇ.રજીસ્ટ્રાર |
| ૫) ડૉ. શીતલ હૈલેયા | ઇ. ચીફ એકાઉટ ઓફીસર |

ઠરાવ 1: <u>નાણાકીય વર્ષ 2018-2019ના સ્ટેટ્યૂટરી ઓડિટરની નિમણૂક કરવાના નિર્ણય અંગે</u>

નાણાકીય વર્ષ 2018-2019ના સ્ટેટ્યૂટરી ઓડિટર માટે શ્રી ઋત્વીજ શાહ ની નિમણૂક કરવાનો નિર્ણય નાણાં સમિતિ દ્વારા કરવામાં આવેલ છે.

ઠરાવ 2: <u>નાણાકીય વર્ષ 2020-21ની ચાલુ બાબતનું બજેટ મંજૂર થવા અંગે.</u>

નાણાકીય વર્ષ 2020-21ની ચાલુ બાબતનું બજેટ કુલ ₹. 23,07,21,512, નાણાં સમિતિમાં રજૂ કરવામાં આવેલ, જેની મંજુરી નાણાં સમિતિ દ્વારા આપવામાં આવેલ છે.

ઠરાવ 3: <u>યુનિવર્સિટી ખાતે લેવાતી પરીક્ષા માટે પરીક્ષકોના મહેનતાણાના દર નક્કી કરવા માટેની મંજૂર થવા અંગે. (ફ્લેપ એ થી સામેલ છે)</u>

યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે પરીક્ષકોને ચૂકવવામાં આવતા મહેનતાણાના દરમાં બદલાવ કરવાની જરૂરિયાત હોવાનું જણાવેલ છે. આ બાબતે પરીક્ષા શાખા દ્વારા પરીક્ષા કામગીરી લગત વિવિધ દર પુન: વિચારણા કરી તૈયાર કરવામાં આવે, જેને માન: કુલપતિશ્રીને મંજૂર કરવાની સતા આપવામાં આવે છે.

ઠરાવ 4: નાણાકીય વર્ષ 2019-20માં ટેકનિકલ ક્ષેત્રે ફરજ બજાવતા અધ્યાપકોની શૈક્ષણિક ક્ષમતામાં અભિવૃદ્ધિ થાય તે માટે સરકારી એન્જીનીયરીંગ / પોલિટેકનિક સંસ્થાઓના અધ્યાપકોની માટે IITE ખાતે પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવા માટે વર્ષ 2019-20 માટે રૂ. 25 લાખની રકમની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિ તાલીમાર્થી રૂ. 6500/-ની મર્યાદામાં ખર્ચ કરવાની મંજૂરી સરકારશ્રી દ્વારા કરવાંમાં આવેલ છે. જેની જાણ થવા અંગે.

Scanned with CamScanner

ઠરાવ: નાણાં સમિતિ દ્વારા નાણાકીય વર્ષ 2019-20માં ટેકનિકલ ક્ષેત્રે ફરજ બજાવતા અધ્યાપકોની શૈક્ષણિક ક્ષમતામાં અભિવૃદ્ધિ થાય તે માટે સરકારી એન્જીનિયરીંગ / પોલિટેકનિક સંસ્થાઓના અધ્યાપકોની માટે IITE ખાતે પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવાની નોધ લેવામાં આવી.

સર્વે સભ્યોના આભાર સાથે બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી.

| | |
|---|---|
| ડો. એમ. ડી. મકવાણા | ડો. શીતલ હેલેયા |
| શ્રી યમલ વ્યાસ | શ્રી જૈનીક વકીલ |
| ડો. એચ. બી. પટેલ | ડૉ. હર્ષદ પટેલ |

Scanned with CamScanner